પુત્રની બિમારી દૂર કરવા બે બકરાની બલી ચડાવનાર રાજકોટના ૪ શખ્સોની ધરપકડ

કોટડાસાંગાણીના પીપલાણા પાસે મંદિરમાં બલી ચડાવનાર રાજકોટના મનોજ ગોહેલ તથા તેના મિત્રો સંજય, જયદેવ અને અશોકની ધરપકડ

ગોંડલ, તા.૪: કોટડાસાંગાણી તાલુકાના પિપલાણા-રાજપરા ગામની સીમ વચ્ચે આવેલ મેલડી માતાજીના મંદિરે અંધશ્રધ્ધાની આડમાં રાજકોટના રજપૂત યુવાનોએ બે બકરાની બલી ચડાવી મોતને ઘાટ ઉતારી દેતા કોટડાસાંગાણી પોલીસે ગુન્હો નોંધી ચારેયની ધરપકડ કરી હતી. બિમારી દૂર કરવા બકરાની બલી ચડાવાઈ હોવાનું ખુલ્યુ હતું.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના મયુરનગરમાં રહેતા રજપૂત મનોજ કાનાભાઈ ગોહીલ તથા તેના ત્રણ મિત્રો સંજય ભીખુ ગોહીલ, જયદીપ રમેશભાઈ ગોહીલ તેમજ અશોક ગોહીલ કોટડા-સાંગાણી તાલુકાના પિપલાણા-રાજપરા ગામની સીમમાં આવેલ ગાળાવાળી મેલડી માતાજીના મંદિરે સાંજના ચાર કલાકના સુમારે બે બકરાની બલી ચડાવી રહ્યા હોવાની માહિતી કોટડા-પોલીસને મળતા એ.એસ.આઈ. એલ.બી. ડીંડોર દ્વારા મંદિરે દોડી જઈ તપાસ કરાતા ચારેય રજપૂત યુવાનોએ મુંગા પશુ બે બકરાની બલી ચડાવી દીધેલ હોય ચારેયની અટક કરી પશુ ઘાતકીપણાની કલમ આઈ.પી.સી. ૪૨૯, ૧૧૪ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતુ કે, મનોજ રજપૂતનો પુત્ર વારંવાર બિમાર રહેતો હોય તે બિમારીમાંથી મુકત થાય તે માટે બે બકરાની બલી ચડાવવાની માનતા લીધી હતી. અંધશ્રધ્ધાની આડમાં મુંગા પશુ બે બકરાની બલી ચડાવી દેતા જીવદયા પ્રેમીઓએ ફિટકાર વરસાવ્યો હતો.(૨-૬)

બજારો બપોરે ૩ના ટકોરે

વેસણ	૨૪૫૦-૨૫૫૦
ચણા	૨૬૫૦-૨૭૫૦
ચણાદાળ	૩૪૦૦-૩૬૦૦
કપાસીયા-ખોળ (છાલા) (૫૦ કિલો)	૮૦૦-૯૦૦
(૬૦ કિલો)	
૨૨ કેરેટ દાગીનાના ભાવ	૨૬૫૦૦
૨૨ કેરેટ દાગીના પરત ભાવ	૨૫૦૦૦
ચાંદી ચોરસા (૧ કિલો)	૩૮૦૦૦
ખાંડ	૩૦૬૦-૩૨૬૦
મુંબઈ તેલ	૭૭૦
સીંગતેલ લુઝ (૧૦કિ.ગ્રા.)	૭૬૦
પામોલીન તેલ ,, ,,	૫૧૦
કપાસિયા તેલ ,, ,,	૬૦૦
ટેકસપેઇડ સીંગતેલ	
સૌરાષ્ટ્ર સીંગતેલ	૧૩૧૦-૧૩૧૫
લેબલ ટીન	૧૩૩૫-૧૩૪૦
નવા ટીન	૧૩૬૦-૧૩૭૦
છુટક ૧ કિ.ગ્રા.	૮૮
રીફા. કપાસીયા તેલ	૧૦૬૫-૧૦૮૦
વનસ્પતી ઘી	૮૮૦-૯૫૦

શુભારંભ

તા.૫-૧૦-૨૦૧૪ રવિવાર
સવારે ૯ થી સાંજે ૬

Start With Trust
SUMUKH
JEWELLERS PVT. LTD.
સુમુખ પેલેસ, ગુંદાવાડી
મેઈન રોડ, રાજકોટ.

સુવર્ણ અલંકારોનો વિશાળ અને આધુનિક શોરૂમનાં શુભારંભ પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ...

- યોગેશ પાંચાભાઈ કેરાળીયા
- જીતેન્દ્ર ગોવિંદભાઈ રાબડીયા
- ભાર્ગવ દિનેશભાઈ રાઠોડ
- પાર્થ મગનભાઈ સરધારા

આપને આવકારવા ઉત્સૂક

ડિવા વિમેન્સ હોસ્પિટલનું કાલે ઉદ્‌ઘાટન

કાલાવડ રોડ પર રોયલ પાર્કમાં સુવિધાપુર્ણ આરોગ્યધામનું નિર્માણ ★ ડો.ધર્મીશ પટેલ તથા ડો.રૂચિ પટેલ પર અભિનંદન વર્ષા

રાજકોટ : સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં આરોગ્ય ક્ષેત્રે વિશેષ સુવિધા વિકસી છે. રોયલ પાર્ક મેઈન રોડ, વર્ધમાન ગર્લ્સ હોસ્ટેલ સામે કાલાવડ રોડ રાજકોટ ખાતે આવતીકાલે સુવિધાપુર્ણ ડિવા વિમેન્સ હોસ્પિટલ-એડવાન્સ લેપ્રોસ્કોપિક સેન્ટર અને આઈ.સી.યુ.નું ઉદ્‌ઘાટન થશે.

ભુપેન્દ્ર રોડ સ્વામીનારાયણ મંદિરના પૂ.વિવેકસાગર સ્વામીજીના હસ્તે સ્વજનો તથા શુભેચ્છકોની સવારે ૯ વાગ્યે ઉદ્‌ઘાટન સમારોહ આયોજીત થયો છે. સંપુર્ણ વાતાનુકુલિત હોસ્પિટલમાં સુવિધાપુર્ણ આઈ.સી.યુ., દરેક પ્રકારના દુરબીન ઓપરેશન, સ્ત્રીરોગના ઓપરેશન, થ્રીડી, ફોર-ડી સોનો ગ્રાફી, પ્રસૂતિ પૂર્વ અને બાદની પૂર્ણ સારવાર, દુખાવા સહિત પ્રસૂતિ, વંધ્યત્વ નિવારણ વગેરે જેવી અનેક સુવિધા ઉપલબ્ધ છે.

ઉદ્‌ઘાટનની પૂર્વ સંધ્યાથી ડો. ધર્મીશ પટેલ (મો.૯૮૭૭૨-૬૦૦૬૦), ડો.રૂચિ પટેલ (મો.૯૮૭૯૫-૧૦૦૬૬) પર અભિનંદનો-શુભેચ્છા વરસી રહ્યા છે.

બંને તબીબો ભરપુર અનુભવ ધરાવે છે. સહયોગ હોસ્પિટલ, દોશી હોસ્પિટલ, ગિરિરાજ હોસ્પિટલ, કે.જે.પટેલ હોસ્પિટલ, રઘુવીર હોસ્પિટલ વગેરે આરોગ્યધામોમાં સેવા આપી છે.(૩-૧૩)

વાટલિયા પ્રજાપ્રતિ યુવક મંડળ દ્વારા વજુભાઇનું સન્માન : કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળાની નિમણુંક થતા વાટલિયા પ્રજાપતિ યુવક મંડળ દ્વારા મોમેન્ટો આપી સન્માન કરાયુ હતુ. આ તકે વાટલિયા પ્રજાપતિ યુવક મંડળ રાજકોટના પ્રમુખ મનસુખભાઈ ધંધુકીયા, મંત્રી રમેશભાઈ ગોંડલીયા, ઓડીટર નરસીભાઈ ધંધુકીયા, કારોબારી સભ્ય નીતીનભાઈ ગોંડલીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (૧૬.૪)

રાજપૂત ક્ષત્રીયો દ્વારા વિજયા દશમીએ શકિતના પ્રતિક સમા શસ્ત્રોનું પૂજનઃ માતાજીના હોમ-હવન

ગરાસીયા બોર્ડીંગથી ક્ષત્રીય યુવાનોની ભવ્ય શોભાયાત્રા પેલેસ રોડ સ્થિત આશાપુરા માતાજી મંદિરે પહોંચીઃ ક્ષાત્રવટ અને ક્ષાત્રતેજનો અનેરો સંગમઃ રાજવી પરિવારના મોભી મનોહરસિંહજી જાડેજા, યુવરાજ માંધાતાસિંહજી અને કુંવર જયદીપસિંહજીની ત્રણ પેઢીએ સાથે બીડુ હોમ્યું: અનેરૂ દ્રશ્ય

રાજકોટઃ અસત્ય પર સત્યના વિજયની ઉજવણી રૂપે ઉજવાતા વિજયા દશમી પર્વનું રાજપુત ક્ષત્રીયોમાં અનેરૂ મહત્વ હોય છે. ક્ષત્રીયરાજ પરંપરા મુજબ રાજકોટના રજપુતપરા વિસ્તારમાં આવેલી ગરાસીયા બોર્ડીંગ ખાતેથી દર વર્ષની માફક રાજપુત યુવાનોની પરંપરાગત વસ્ત્રો અને શસ્ત્રોથી સજ્જ શોભાયાત્રા નિકળી જાડેજા વંશના કુળદેવી માં આશાપુરાના પેલેસ રોડ સ્થિત મંદિર પરીસરમાં પહોંચી ત્યારે ક્ષાત્રવટ અને ક્ષાત્રતેજ જોઇ ઉપસ્થિત સૌ અભિભૂત બન્યા હતા. મંદિર ખાતે હોમ-હવન બાદ રાજવી પરિવારના નિવાસસ્થાન રણજીત વિલાસ પેલેસ ખાતે શસ્ત્ર પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હજારો યુવાનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગની તસ્વીરોમાં રાજકોટના પુર્વ ઠાકોર સાહેબ અને રાજયના પુર્વ મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજા, યુવરાજ માંધાતાસિંહજી જાડેજા, ટીક્કાસાહેબશ્રી જયદીપસિંહજી જાડેજા તથા રાજ પરિવારના સદસ્યો હવનનો ધર્મલાભ લેતા નજરે પડે છે. હવનાષ્ટમીના પવિત્ર દિવસે શહેરના ધર્મપ્રેમી શકિતભકતોએ શાસ્ત્રોકત વિધિવિધાનથી યોજાયેલા હવનનો લાભ લઈ આનંદની અનુભુતી પ્રાપ્ત કરી હતી. હવનકાર્ય રાજશાસ્ત્રી શ્રી ભરતભાઈ ભટ્ટ, યજ્ઞેશભાઈ ભટ્ટ, જયેશભાઈ ભટ્ટ, જીતુભાઈ ભટ્ટ અને વિશાલભાઈ જોષીએ પુર્ણ કર્યુ હતું. શસ્ત્રપૂજા સમયે ક્ષત્રીય સમાજના અગ્રણીઓ સર્વશ્રી દૈવતસિંહ જાડેજા, હરીશચંદ્રસિંહ જાડેજા, અશોકસિંહ વાઘેલા, યશવંતસિંહ રાઠોડ, આર.ડી.જાડેજા, શૈલેન્દ્રસિંહ રાણા, ટીક્કુભાઈ (કોઠારીયા), અજીતસિંહ જાડેજા, પરબતસિંહ જાડેજા, નીતુભા વાઘેલા, યુવરાજસિંહ જાડેજા, લાલુભા જાડેજા, બહાદુરસિંહ ઝાલા, અનિલસિંહ જાડેજા સહિતના અસંખ્ય રાજપૂતો ઉપસ્થિત રહયા હતા. (૪.૧૪)

વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ દ્વારા આવતીકાલે રવિવારે એક દિવસીય નવરાત્રી મહોત્સવ

સીનીયર-જુનીયર પ્રિન્સ-પ્રિન્સેસ, મહિલા સભ્યોને ઇનામો અપાશે

રાજકોટ, તા., ૪: રાજકોટ વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ દ્વારા આવતીકાલે તા.૫-૧૦-૧૪ અને રવિવારના રોજ એક દિવસીય નવરાત્રી મહોત્સવનું અનેરૂ આયોજન કરાયું છે.

અહીંના પંચયટી મેઈન રોડ ઉપર આવેલ ચંદ્રેશવાડી ખાતે આવતીકાલે સાંજે ૭.૩૦ કલાકથી કાર્યક્રમની શરૂઆત થઈ જશે.

મહિલા મંડળ દ્વારા યોજીત આ કાર્યક્રમમાં સીનીયર-જુનીયર પ્રિન્સ-પ્રિન્સેસમાં તેમજ સીનીયર મેરીડ રાઉન્ડ મહીલા મંડળના સભ્યોમાં વિજેતા થનારને ઇનામોથી પ્રોત્સાહીત કરવામાં આવશે.

આ એક દિવસીય નવરાત્રી મહોત્સવમાં નિર્ણાયક તરીકે શ્રી જયંતભાઈ જોષી અને પારૂલબેન જોષી સેવા આપશે.

આવતીકાલે તા.૫ ના રોજ જ્ઞાતિજનો માટે મહિલા મંડળ દ્વારા અલ્પાહાર હળવો નાસ્તો પણ રાખવામાં આવેલ છે.

મહિલા મંડળના ટ્રસ્ટીશ્રી શોભનાબેન પંડયા, દેવયાનીબેન પંડયા, પ્રમુખ નેહુલબેન વ્યાસ ઉપપ્રમુખ રેખાબેન તેમજ મહિલા મંડળના સભ્યો બહેનો આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહયા છે.(૪.૧૨)

રાજકોટ મેનેજમેન્ટ એસો.ના બી એવર પ્રોજેકટનું રાષ્ટ્રીય સ્તરે બહુમાન

રાજકોટ તા.૪: ગત વર્ષે રાજકોટ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા આશરે ૨૦૦ એમબીએ વિદ્યાર્થીઓ અને રાજકોટ પોલીસના આશરે ૯૦૦૦ કલાકના પરિશ્રમથી તૈયાર થયેલ બી અવેર વીડીયો ફિલ્મ રાજકોટના આશરે બે લાખ લોકોને બતાવવામાં આવેલ રોજ બરોજ ના જીવનમાં જાગૃતી કેળવી અને નાના નાના ઉપાયો દ્વારા ગુનાખોરીથી બચવા અંગેનું સુંદર માર્ગદર્શન આપતી આ વિડીયો ફીલ્મ અને વેબ સાઈટના માધ્યમથી જન જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો.

ગત વર્ષેગુજરાતના ચારેય મહાનગરો માંથી ફકત રાજકોટ શહેરમાં કાઈમ રેટ આશરે ૧૭.૩ ટકાનો ઘટાડો થયાનું નેશનલ કાઈમ રેકોર્ડસ બ્યુરોની રીસર્ચમાં જાણવા મળેલ છે. રાજકોટ પોલીસની આ શ્રેષ્ઠ સિધ્ધમાં બી અવેર વીડીયો ફિલ્મનો મહત્વનો ફાળોહોવાનું સ્વીકારી તાજેતરમાં ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયા મેનેજમેન્ટ એસોસીએશન ની નેશનલ મેનેજમેન્ટ કોન્કવેલમાં સમગ્ર ભારતમાં આવેલ વિવિધ મેનેજમેન્ટ એસોસિએશનના પ્રતિનિધિઓ સમક્ષ આ બી-અવેર પ્રોજેકટની રજુઆત અને રીસર્ચ પેપર રજુ કરવાનું બહુમાન રાજકોટ મેનજમેન્ટ એસોસીએશન ના પ્રેસીડન્ટ ચેતનભાઈ કોઠારીને પ્રાપ્ત થયેલ.

પ્રશ્નોતરી દરમ્યાન શ્રી ચેતનભાઈ કોઠારીએ ગુજરાત થી ભારત દેશને અમુલ નમો અને હવે બી-અવેર એમ ત્રણ ભેટ આપવામાં આવેલ છે. તેમ કહેતા ની સાથે દેશભરના પ્રતિનિધિઓ દ્વારા આ વાતને વધાવી લેવામાં આવેલ હતી સમારંભ ના અંતે ઓલ ઈન્ડીયા મેનેજમેન્ટ એસોસીએશના હોદેદારો દ્વારા ચેતનભાઈ કોઠારીનું બહુમાન કરવામાં આવેલ હાલ રાજકોટ પોલીસ કમીશ્નર મોહન ઝા અને એડી.પોલીસ કમીશ્નર રાવના માર્ગદર્શન હેઠળ બી અવેર-૨૦૧૪-૧૫ ના પ્રોજેકટ ઉપર મહત્વનું કાર્ય ચાલી રહયું છે.(૯.૧૨)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુવક મહોત્સવનો દબદબાભેર શુભારંભ : કૌશલ્યઝળકાવવા છાત્રો ઉત્સુક

ચૂંટણીને આચારસંહિતાને પગલે પ્રચાર-પ્રસારમાં રોક લાગી

રાજકોટ તા. ૩ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ સંશોધનની સાથે દર વર્ષે યુવક મહોત્સવ ઉજવવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો યુવક મહોત્સવ આજે સવારે ૯ કલાકે દબદબાભેર પ્રારંભ થયો છે. ત્રણ દિવસ સુધી અવનવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ તેનું કલા કૌશલ્ય ઝળકાવવા ઉત્સુક બન્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૪૪મો યુવક મહોત્સવનું ઉદ્‌ઘાટન આર્ષ વિદ્યામંદિર મુંજકાના અધિષ્ઠાતા સ્વામી પરમાત્માનંદજી સરસ્વતીજીના હસ્તે દિપ પ્રાગટય થયું ત્યારે મુખ્ય રંગમંચ તાલીઓના ગડગડાટથી ગુંજી ઉઠયું હતું.

ઉપસ્થિત સ્પર્ધકો, વિદ્યાર્થીઓ, અધ્યાપકોને સંબોધન કરતા સ્વામી શ્રી પરમાત્માનંદજીએ કહ્યું હતું કે, આજનો દિવસ શૂન્યથી અનંતતાને પ્રાપ્ત કરવાનો અવસર લઈને આવ્યો છે ત્યારે સંકલ્પ શકિતથી ભવ્યતાના શિખરો સર કરીને સાંસ્કૃતિક ક્ષેત્રમાં, સીમાચિન્હ પ્રસ્થાપિત કરો તેવી પરમતત્વને પ્રાર્થના કરૂં છું.

અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે, શકિત ઉપાસનાનું પર્વ પૂર્ણ થયું. આજથી ૩ દિવસ માટે સાંસ્કૃતિક સાધના પર્વનો આરંભ થઈ રહ્યો છે ત્યારે શબ્દ, સૂર, સંગીત અને અભિનયના ઓજસ પાથરીને આપનામાં પ્રથમથી જ પડેલી શકિતઓનો આવિર્ભુત કરી રાષ્ટ્રીય કક્ષાએ વિજય ધ્વજ લહેરાવો તેવી શુભ કામનાઓ પાઠવું છું.

ડો. પાડલીયાએ વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજીના સ્વપ્નનું સ્વચ્છ ભારત નિર્માણ થાય તે દિશામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ આગવું આયોજન કર્યું છે. જેના એક ભાગરૂપે યુવક મહોત્સવ ૨૦૧૪-૧૫ની મુખ્ય થીમ સ્વચ્છતાને સમર્પિત રાખીને આપણે સ્વચ્છતાલક્ષી શપથ લીધા તે શપથ અનુસાર આપણે જ્યાં છીએ ત્યાં ગંદકી ન થાય અને આપણે પણ ગંદકી ન કરીએ તે માટે સજાગ રહીશું તો મને લાગે છે કે, આપણે સ્વચ્છ ભારત અભિયાનનું એક અનિવાર્ય અંગ બની જઈશું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને તાજેતરમાં એ-ગ્રેડ પ્રાપ્ત થયો છે તે જાળવી રાખવા આપણે સહુ કૃતનીશ્ચયી બનીએ. ઉદ્‌ઘાટન સત્રમાં સિન્ડીકેટ સદસ્ય ડો. નિદત્ત બારોટ, ડો. ગીરીશ ભીમાણી, ડો. યજ્ઞેશ જોશી, ડો. પ્રશાંત ચાવલા, ડો. અશોક મોઢા, ભવનના અધ્યક્ષશ્રીઓ સર્વ ડો. ડી.જે.ભટ્ટ, ડો. રાજેન્દ્ર ચોટલીયા, ડો. દક્ષાબેન ચૌહાણ, ડો. કલાધર આર્ય, વરિષ્ઠ પ્રાધ્યાપકો સર્વશ્રી અંબાદાન રોહડિયા, ડો. નિકેશ શાહ, ડો. ડી.જી.કુબેરકર તથા કર્મચારી પરિવારના પ્રમુખ મહાવીરસિંહ ઝાલા, એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર ડો. એન.કે.ડોબરીયા, પૂર્વ શારીરિક શિક્ષણ નિયામક એસ.કે.પટેલ, જે.પી.બારડ સહિત વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભની પૂર્વ ભૂમિકા અને સ્વાગત કુલસચિવ રમેશ પરમાર તથા આભારદર્શન દિપક રાવલે કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. નિતીન વડગામાએ પોતાની વિશિષ્ટ શૈલીથી કરીને સમારંભને ગરમા પ્રદાન કરી હતી.

શબ્દ, સૂર, સંગીત, ચિત્ર અને અભિનયની કલાઓને પ્રગટાવતી યુવક મહોત્સવની સ્પર્ધા પાદપૂર્તિ, વકતૃત્વ સ્પર્ધા, ક્વિઝ, હસ્તકલા, તત્કાલ છબી કલા, સર્જનાત્મક કામગીરી, પોસ્ટર મેકીંગ, પ્રાચીન રાસ, લોકગીત, ફળવું કંઠસ્ય સંગીત, એકાંકી સમૂહ નૃત્ય, ગઝલ, શાયરી, કાવ્ય લેખન, ડિબેટ, ચિત્રકલા, કાર્ટુનીંગ, શાસ્ત્રીય કંઠીય સંગીત, ભજન, વેસ્ટન ગ્રુપ સોંગ, વેસ્ટર્ન વોકલ શોલો, શાસ્ત્રીય નૃત્ય, કલેમ મોડલીંગ, રંગોળી, મુક અભિનય, દુહા-છંદ, સમૂહ ગીત, મીમીક્રી સહિતની સ્પર્ધાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૩ હજારથી વધુ સ્પર્ધકો તેની સુષુપ્ત શકિતને ઉજાગર કરશે.

મુખ્ય રંગમંચ ઉપર યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભમાં ઉદ્‌ઘાટક તરીકે સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, કુલપતિ મહેન્દ્ર પાડલીયા સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ૩૨ સ્પર્ધામાં ૧૨૫૪ એન્ટ્રી આવી છે. શબ્દ સૂર સંગીત અભિનય કલા પ્રદર્શનમાં ૩૩૭૪ વિદ્યાર્થીઓ ભાગ લેશે. સ્પર્ધામાં હિર ઝાળકાવવા વિદ્યાર્થીઓ થનગની રહ્યા છે.(૨૧.૧૮)

બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ માટે સાંજે રાસોત્સવ

બાજ યુવા સેના દ્વારા ભવ્ય આયોજન

રાજકોટ તા.૪ :. બાજ યુવા સેના તથા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યા પ્રસારક મંડળના સંયુકત ઉપક્રમે તા.૪-૧૦-૧૪ને શનિવારે સાંજે ૬ વાગ્યે જ્ઞાતિની નવી વાડી બાજ નારણજી તિર્થ કાલાવડ રોડ ખાતે બાજ રાસોત્સવ-૨૦૧૪નું આયોજન કરાયું છે. બાજ યુવા સેનાના રાસોત્સવમાં ત્રણ ગૃપમાં રાસ ગરબા રમાડવામાં આવશે. લીટલ સ્ટાર ગૃપમાં ૧ થી ૧૨ વર્ષના બાળકો માટે વેલ ડ્રેસમાં પ્રિન્સ - પ્રિન્સેસની જાહેરાત કરાશે.

જયારે બાજ ફયુચર ગૃપમાં ૧૩ થી ૪૪ વર્ષના યુવક -યુવતિઓ માટે મેલ-ફિમેલ પ્રિન્સ-પ્રિન્સેસ જાહેર કરાશે તેમજ મોસ્ટ રીસ્પેકટેબલ ગ્રુપમાં ૪૫ થી ઉપરની ઉંમરના મેલ ફિમેલ પ્રિન્સ-પ્રિન્સેસ જાહેર કરાશે.

તા. ૪-૧૦-૨૦૧૪ને શનીવારે સા.જે ૬ વાગ્યાથી બાજ નારણજી તિર્થ કાલાવડ રોડ ખાતે નામ રજીસ્ટ્રેશન થઈ શકશે. ત્યારબાદ પ્રથમ રાઉન્ડ જનરલમાં ત્રણેય ગૃપ સાંજે ૬.૪૫થી ૭.૪૫, તેમજ ૮થી ૮.૪૫ રાસ ગરબાની રમઝટ બોલાવશે.

ત્રીજો રાઉન્ડ ૮.૪૫ ણી ૯.૧૫ દરમિયાન મોસ્ટ રીસ્પેકટેબલ ગૃપ માટે યોજાશે જયારે ૯.૧૫થી ૧૦ આલ્પાહાર અને ૧૦થી ૧૧ ફાઈનલ રાઉન્ડ જનરલ ત્રણેય ગૃપ માટે યોજાશે ઈનામ વિતરણ રાત્રીના ૧૧ વાગ્યાથી શરૂ થશે.

આ તકે મહિલાઓ માટે આરતી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરાયુ છે.

બાજ રાસોત્સવમાં રમવા માટેના પાસ ટોકન શુલ્ક રૂા. ૧૦ રાખવામાં આવેલ છે.જે સ્થળ ઉપરથી મળશે . અને ખેલૈયાઓને ટ્રેડીશ્રલ ડ્રેસમાં રાસોત્સવ રમવા આવવા અપીલ કરાઈ છે.

બાજ રાસોત્સવમાં રમનારા તમામ લિટલ સ્ટારને સરપ્રાઈઝ ગીફટ તેમજ કાર્યક્રમ દરમિયાન પાંચ વિશિષ્ટ સરપ્રાઈઝ ગીફટ અપાશે.

બાજ રાસોત્સવમાં જવા માટે ધુમકેતુ હોલ, રોયલ પાર્ક, કાલાવડ રોડ ખાતેથી શનીવારે સાંજે ૫-૩૦ અને ૬.૧૫ વાગ્યે વસંતભાઈ પાઠક (પાઠક સ્કુલ) ના સહયોગથી બસની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

આ કાર્યક્રમની વધુ વિગત માટે દિવ્યેન દવે મો. ૯૮૭૯૮ ૭૮૦૮૫, અથવા દેવાંગ દવે મો. નં. ૯૮૭૯૫ ૧૦૦૭૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.(૨-૧૨)

કોટેચા હાઇસ્કુલમાં રાસોત્સવ...વિવિધ પરિધાનમાં સજ્જ વિદ્યાર્થીનીઓ ઝૂમી

રાજકોટ તા. ૪ :.. ઉદયાચલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં નવરાત્રીની ઉજવણી નિમિતે રાસ-ગરબા યોજાયા હતો. જેમાં ધો. ૯ થી ૧૨ ની છાત્રાઓએ વિવિધ પરિધાનમાં સજ્જ થઈ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

રાસોત્સવમાં વેલડ્રેસમાં માધ્યમિક વિભાગમાં અનુક્રમે જીંજરીયા અંજલી, અલગોતર તેજલ, મિતલબા જાડેજા, તેમજ વેલ પરફોમન્સમાં ધારા નકુમ, નિધી ઘેડીયા, ઈતિશા વેકરીયા, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વેલડ્રેસમાં માયા ભારદીયા, સુશીલબેન જાદવ, રશ્મિ પીઠીયા, અને વેલ પરફોર્મન્સમાં રીના કાથરીયા, સુરભી સંચાણીયા, સ્નેહલ મંડીર વિજેતા થઈ હતી. આ પ્રસંગે શાળા ટ્રસ્ટી બારોટ સાહેબ, શકુંલતાબેન નેને સહિત શિક્ષકો છાત્રો ઉપસ્થિત રહ્યા હતાં. નિર્ણાયક તરીકે સુરભીબેન ત્રિવેદી, ગીતાબેન મોલ્યા રહ્યા હતાં. (૫-૩૫)

જયંતિભાઇ કાલરીયાને જીતાડવા શ્રમિક કામદારોને ઇન્ટુક અગ્રણીની અપીલ

રાજકોટ તા. ૪ : વિધાનસભા ૬૯ ના કોંગ્રેસના ઉમેદવાર જયંતિભાઈ કાલરીયાને જંગી બહુમતીથી જીત અપાવવા શ્રમિક કામદારોએ તેમની તરફેણમાં બહોળી સંખ્યામાં મતદાન કરવા ગુજરાત ઈન્ટુક અગ્રણી અને મજુર કાયદા સલાહકાર એડવોકેટ બાબુભાઈ એમ. માવાણીએ અપીલ કરી છે.

તેઓએ જણાવેલ છે કે કોંગ્રેસ પક્ષે મજુર કાયદાઓ જેવા કે પ્રોવીડન્ટ ફંડ, ઈ.એસ.આઈ., બોનસ, ગ્રેચ્યુટી, નાના મોટા ઉદ્યોગોમાં કામદારોના લઘુતમ વેતનો સમયાંતરે કેન્દ્રીય પગાર પંચોની રચનાઓ કરી કામદારોના પગાર ધોરણો તથા અન્ય સવલતો આપતા કામદાર વળતર અભિયાન વગેરે આર્થીક હિતોની રક્ષા કરતા મજુર કાયદાઓને કાયદા પોથીમાં સ્થાન અપાવેલ છે. જયારે મુડીવાદી વર્ગના આર્થીક હીતોની રક્ષા કરતી વિચારસરણી ધરાવતી સરકાર આવતા સમાજના નબળા વર્ગના આર્થિક હીતોની રક્ષા કરતા તમામ કાયદાઓ નાબુદ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે.

કાદાર વિરોધી નિતિને અટકાવવી હોય તો કોંગ્રેસના ઉમેદવાર જયંતિભાઈ કાલરીયાની તરફેણમાં મતદાન કરી તેઓને વિજેતા બનાવવા અંતમાં બાબુભાઈ માવાણીએ અપીલ કરી છે. (૧૬.૭)